Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું વિક્રમ સંવત્ ૧૯૬૧—કાર્તિક અંક ૪ થો.

## પ્રભુ સ્તુતિ.

જ્યાં અંગાર[૧] કુકર્મ રૂપ ધગતાં આવી પડે અંગમાં,
તેજસ્વી અતિકષ્ટ રૂપ તણખાં આવી ખરે સંગમાં;
છે જ્વાલા ભવ અગ્નિની વિષમ જ્યાં પ્રાણી પતંગો પડે,
તે નિર્વાણ[૨] કરી જિનેશ્વર કરો નિર્વાણ[૩] સૌ તડ્ફડે. ૧

## ગુરૂભક્તિનો મહિમા.

છે ભીતિ[૪]કારી ભવ આ ભ્રમનો ખજાનો,
તોયે વૃથા સરસ સ્વાદ મલે મજાનો;
અંતે તથાપી જનને નહિં આંચ આવે,
જો હોય સદ્ગુરૂ તણી બહુ ભક્તિ ભાવે. ૧
તે અંતરંગ[૫] રિપુ અંતર[૬] ને દબાવે,

૧ કુકર્મરૂપી અંગારા ૨ બુઝાવી. ૩ મોક્ષ. ૪ ભયવાળો.
૫ કામ ક્રોધાદિ શત્રુઓ. ૬ હૃદય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માયા જરાપણ નહી મનમાંહિ ફાવે;
આધિ ઉપાધિ નહિ ચિત્ત વિષેજ આવે,
જો હોય સદ્ગુરૂ તણી બહુ ભક્તિ ભાવે. ૨

પાપો જરા નવ કરે તનમાં ઉતાપો,
આપે નહીં કદિ જનો દુરવાચ્ય શાપો;
મૈત્રી મહાશયજનો સુખથી નિભાવે
જો હોય સદ્ગુરૂ તણી બહુ ભક્તિ ભાવે. ૩

મિથ્યાત્વનું બલ જરાય કરે ન જોર,
સદશ્રદ્ધને નવહરે કદિ કામ ચોર;
આ લોકમાં નહિ જનો અપકીર્તિ ગાવે.
જો હોય સદગુરૂતણી બહુ ભક્તિ ભાવે. ૪

# બ્રહ્મચર્ય પ્રભાવ.

## નર્મદા સુંદરી.

( ગત અંકના પૃષ્ઠ ૭૫ થી શરૂ. )

ઋષભદત્તાનાં અનુપમ સૌંદર્યે રૂદ્રદત્તના વિકારી હૃદયને આકર્ષી લીધું. તેની મોહમય વાસના વૃદ્ધિ પામવા લાગી. તત્કાલ પોતાના મિત્ર કુબેરદત્તને ગોખ ઉપર બોલાવી કહ્યું, મિત્ર, જો, આ નવરંગિત વસ્ત્ર ધારણ કરનારી અને ગજેંદ્રના જેવી ગતિ કરનારી સુંદરી જાય છે તે કોણ છે ? તેણીના અનુપમ લાવણ્યે મને મૂઢ બનાવી દીધો છે. તે કુમારી છે કે વિવાહિત છે ? મારા જેવા વિદેશીને આ કન્યારત્ન લભ્ય છે કે નહી ? કુબેરદત્ત બોલ્યો—બંધુ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ રૂષભસેન શેઠની રૂષિદત્તા નામે પુત્રી છે. તે શેઠ મારા પાડોશમાંજ રહેછે. શ્રેષ્ઠી પોતે જૈન ધર્મી છે. વર્દ્ધમાન નગરમાં ખરેખરો જૈન તે એકજ છે. તેનું આખું કુટુંબ આર્હત ભક્ત ગણાય છે. પ્રાતઃકાલમાં તેના રમણીય મંદિરમાં પ્રતિક્રમણ, સામાયિક અને સ્વાધ્યાયના ધ્વનિઓ થયા કરે છે. નિત્ય ત્રિકાલ જિનપૂજા કરે છે અને ગુરૂભક્તિની ભાવના તેની મનોવૃત્તિમાં રમ્યા કરેછે. મિત્ર, વધારે શું કહું આ વર્દ્ધમાનપુરમાં તેની જોડીનો કોઇ આસ્તિક શ્રાવક નથી. એ રૂષભસેન શેઠની આ રૂષિદત્તા નામે પુત્રી છે. એ બાલા હજુ કુંવારી છે. પણ તારા જેવાને લભ્ય થાય તેમ નથી. તેણીના ધર્મચુસ્ત પિતાએ એવી પ્રતિજ્ઞા કરી છે કે, આ સુંદર કન્યા કોઈ મિથ્યાત્વીને આપવી નહીં. કદિ યાવજ્જીવિત કુંવારી રહે તોપણ ભલે તથાપિ તેને યોગ્ય શ્રાવક શિવાય ઈતર ધર્મના કોઇ યુવાનને આપવી નહીં. આ તેની દુઃસાધ્ય પ્રતિજ્ઞાથી રૂષિદત્તા યૌવનવયમાં પણ કન્યાવ્રત અદ્યાપિ પાલેછે. ભદ્ર, આવા સબલ કારણથી તમારે એ બાલાની ઇચ્છા કરવીજ નહી. તમે ધનવાન્, બુદ્ધિમાન્ અને ચતુર છો. રૂપમાં કામદેવ જેવા છો, પણ તમે શ્રાવક નથી તેથી એ કન્યારત્નની આશા જરાપણ રાખશો નહીં.

કુબેરદત્તના આવા વચન સાંભળી રૂદ્રદત્ત વિચારમાં પડયો. તેનો આશાતંતુ ઢીલો થઇ ગયો. એક સાથે ઉઠેલી મનોરથની તરંગમાલા ઉછળીને બેસી ગઇ, તથાપિ ધન અને રૂપના ગર્વથી બોલી ઉઠયો—મિત્ર, તમારા વિષમય વચનના સિંચનથી મારી આશાલતા દગ્ધ થઈ ગઈ છે. તથાપિ એ બાલા સાધ્ય થાય તેવા અનેક ઉપાયો મારી મનોવૃત્તિમાં સ્ફુરી આવ્યા છે. મારા ચાતુર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ અમૃતથી, મૂર્છિત થયેલી મારી આશાલતા હું સજીવન કરી શકીશ મિત્રવર્ય, મને નાઉમેદ કરશો નહીં. જ્યાંસુધી મારા સુંદર નેત્રે તેની સાથે તારા મૈત્રક કર્યું નથી ત્યાંસુધી એ બાલા દુઃસાધ્ય છે. પણ જ્યારે તેના દ્રષ્ટિપથમાં હું એકવાર આવીશ એટલે એ બાલાના મુગ્ધ હૃદયમાં ઉચ્ચ અભિલાષા ઉત્પન્ન થશે. મને ખાત્રી છે કે યુવતિઓના મન ચલાયમાન કરવાની મહા વિદ્યા આ તમારા મિત્રે સમ્યક પ્રકારે સાધી છે. કદિ કોઈ યુવતિ પતિવ્રતની દ્રઢપ્રતિજ્ઞા લઈ બેઠીહોય અને બ્રહ્મચર્યવ્રતને ધારણકરી નિયમથી વર્ત્તતી હોય તેવી પણ બાલાને વશ કરવાની મારામાં અલૌકિક શક્તિ છે. તે શિવાય મારી પાસે અતુલ્ય લક્ષ્મીબલ છે. આ જગત્‌માં લક્ષ્મીથી શું અસાધ્ય છે? પૂર્વે ઘણાં દ્રઢ સંકલ્પધારી પુરૂષો લક્ષ્મીના અતુલ્ય બલથી પરાભવ પામી ગયા છે, તેથી ઉભયરીતે તે સુંદર કન્યા સંપાદન કરવા હું શક્તિવાન થઇશ.

આવા રૂદ્રદત્તના વચન સાંભળી કુબેરદત્ત ચાતુર્યથી ચમકતાં વચન બોલ્યો—પ્રિયમિત્ર, તારી હિંમત જોઈ મને અપાર આનંદ ઉત્પન્ન થાય છે. તારી દ્રઢતાજ તારી ઈચ્છા પૂરી કરશે. તથાપિ મને એક ઉપાય સુઝી આવ્યો છે, તે સાંભલ. તું આ નગરનો રહેવાસી નથી તારૂં કુલ ચંદ્રનગરમાં પ્રખ્યાત છે. તને અહીં કોઈ જાણતું નથી માટે તારે શ્રાવક થવું. જૈન ધર્મની પ્રવર્ત્તમાન ક્રિયા કોઇ મુનિ પાસેથી શીખી લેવી. હું પણ તને તે કાર્યમાં સહાય આપીશ. જ્યારે તું શ્રાવક જેવો બરાબર થઇશ એટલે રૂષભસેનશેઠ પિતા પોતાની પુત્રી રૂષિદત્તાને તારી સાથે પરણાવશે. તારૂં કુલ, રૂપ, ગુણ વિગેરે સર્વથી ચડીઆતા છે. એટલે તે બાબતમાં કાંઈ પણ શંકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવા જેવુ નથી. કુબેરદત્તની આ યુક્તિ સાંભળી રૂદ્રદત્ત ઘણો ખુશી થયો. તે યુક્તિ પોતાનું કાર્ય સાધવામાં સંપૂર્ણ રીતે ઉપયોગી થશે એવો તેને નિશ્ચય થયો. તત્કાળ રૂદ્રદત્ત કૃત્રિમ શ્રાવક થઇ કોઇ જૈન મુનિની કપટ સેવા કરવા લાગ્યો.

## પ્રકરણ ૪ થું.

# કપટીનો વિજય.

વર્દ્ધમાનપુરમાં જૈન પ્રજાનો વર્ગ ઘણો રહેતો પણ તે દ્રવ્ય બલમાં શિથિલ હતો. જૈન વર્ગની એકજ જ્ઞાતિમાં ઘણો ભાગ મિથ્યાત્વના બલથી દબાયો હતો. ઘણાં શ્રાવકોની કન્યાઓ જ્ઞાતિના બંધનને લીધે મિથ્યાત્વીઓમાં અપાતી હતી. પિતૃગૃહમાં સામાયિક તથા જિન પૂજા કરનારી કન્યાઓ શ્વસુરગૃહમાં પતિ આગ્રહથી શિવાલયમાં જતી હતી. પચ્ચખાણ લઇ શુદ્ધ ઉપાવાસ કરનારી શ્રાવક બાલિકા મિથ્યાત્વીને ઘેર કંદમૂલનો આહાર કરી મલિન વ્રત કરતી હતી. નવકાર મંત્રનો શુદ્ધ જપ કરી નિર્મલ થનારી જૈન રમણિયો શંકર, વિશ્નુ કે દેવી પ્રમુખના કલ્પિત મંત્રોની માલા જપતી હતી.

એ નગરની વચમાં એક ભવ્ય જિનાલય દેવતાના વિમાન જેવું, દીપતું હતું. તેની પાસે જૈનમુનિઓનો એક વિશાલ ઉપાશ્રય આવ્યો હતો. ઉપાશ્રયમાં જુદી જુદી ધર્મ ક્રિયા કરવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વચ્છ શાલાઓ બનાવવામાં આવી હતી. તેની વચમાં વ્યાખ્યાન શાલા અને પૌષધ શાલા હતી.

આજે જૈન પર્વણીનો દિવસ છે. વર્દ્ધમાનપુરના શ્રદ્ધાવંત શ્રાવકો એક પછી એક પૌષધ કરવા આવતા હતા. શ્રાવકના સમુદાયમાં એક તરૂણવયનો પુરૂષ પૌષધ લઇ બેઠો હતો. લલાટે કેશરનું તિલક કર્યું હતું ઉત્તરાસંગથી મધ્ય શરીર વીંટાળ્યું હતું. તેની ભવ્ય આકૃતિ ઉપર શ્રાવકાભાસ પ્રકાશી રહ્યો હતો. વ્રત ધારી થઇ બેઠો છે તથાપિ તેની ચેષ્ટાઓ ઉપર કપટની જાલ પથરાયેલી હતી. મુખે સ્વાધ્યાય કરતો પણ પોતાના ચપલનેત્ર આસપાસ ફેરવતો હતો. વર્દ્ધમાનપુરના શ્રાવકો તેની ઉપર પૂર્ણ પ્રેમ રાખતા હતા.

વાંચનારે પૂર્વના સંબંધથી જાણી લીધું હશે તથાપિ પુનઃ જણાવવું જોઇએ. એ વ્રતધારી પુરૂષ ચંદ્રપુરનો નિવાસી રૂદ્રદત્ત હતો. તે રૂષિદત્તા કન્યામેલવવાને કપટી શ્રાવક બનેલો છે કોઇ જૈન મુનિ પાસેથી જૈન ધર્મનો અભ્યાસ તથા ક્રિયા શીખી પરમ શ્રાવક થઈ પડયો છે. નગરના ભોલાદિલના શ્રાવક શ્રાવિકાઓ તેને વિદેશી શ્રાવક તરીકે માન આપતા હતા. સર્વમાં ધનાઢય અને જૈન ધર્મના આસ્તિક રૂષભસેન શેઠ તેની ઉપર અધિક મમતા રાખતા હતા.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચિંતામણિ.

## એક ચમત્કારી વાર્તા.

( પૂર્વ અંકના પૃષ્ઠ ૩૦ થી ચાલુ. )

અમૃતચંદ્ર શેઠના અમૃતમય ઉદગાર સાંભળી મુનિમહારાજના હૃદયમાં અપાર આનંદ થયો પોતાના શ્રાવકવર્યનાહૃદયમાં ધર્મવાસના પ્રબલરીતે પ્રવર્તે છે એ જાણી ગુરૂશ્રીએ પ્રસંગને અનુસરતી અનિત્ય ભાવનામય દેશના નીચે પ્રમાણે આપવા માંડી---

શ્રાવકવર્ય, આ મોહમય સંસારના સર્વ પદાર્થો અનિત્ય છે. એ સંસારરૂપ મહાસાગરમાં પ્રત્યેક દ્રશ્ય પદાર્થો વહ્યા કરે છે. આપણે પોતે પણ, એ મહાસાગરમાં હર્ષશોકના નિમિત્ત કારણરૂપ મિથ્યા માની લીધેલા પદાર્થોની પેઠેજ વહ્યા જઇશું. આપણું વહન કયે ક્ષણે થવાનું છે, તે આપણે જાણતા નથી પણ વહી જવાના એ વાતનો નિઃસંશય છે. પ્રાણીઓએ અજ્ઞાનતાવડે બાંધી લીધેલી મમતત્વની બેડી તેને દુઃખ ઉપજાવ્યા કરે છે. પદાર્થ માત્રનો સામાન્ય સંબધ જ્યારે દુઃખ દાયક છે, ત્યારે જેની સાથે આસક્તિ વાલો સંબંધ જોડવામાં આવેલો છે તે અધિક દુઃખનું કારણ કેમ ન થાય ? શેઠજી, વિચાર કરો, જે ચિંતામણિરૂપ સચેત પદાર્થમાં તમારો આસક્તિવાલો સંબંધ છે, તે તમને કેવો દુઃખરૂપ થઈ પડયો છે. જ્યારે એ મહામોહની જાલમાંથી તમે તમારા ચપલ મનને દુર કરી આત્માનંદ તરફ વૃત્તિવાળી તે દુઃખરૂપ પ્રસંગને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુખરૂપ જોવાનો યત્ન કરશો ત્યારેજ તમારી મનોવૃત્તિમાં ગાઢ ખુંચી ગયેલો શોકરૂપ શંકુ તત્કાલ નિકળી જશે. સંયોગ અને વિયોગ એ કર્મ રચનાનું ફલ છે, એમ સમજી મનને વ્યાકુલ થવા દેશો નહીં. કર્મયોગે પ્રાપ્ત થતાં સુખદુઃખના પ્રસંગોને ભોગવવાયોગ્ય મહા ધૈર્ય ધારણ કરવા, એ સમ્યકત્વવાનનું ખરૂં સ્વરૂપ છે. મહા પુરૂષોને છદ્મસ્થ અવસ્થાની જેમ સામાન્ય ગૃહસ્થને વ્યવહારદશા ચિત્તના વિક્ષેપનું કારણ થયા કરે છે. એ ચપલ ચિત્તને સહનશિલ અને શાંત બનાવવા અભ્યાસ રાખવાથી ગૃહસ્થ શ્રાવક પણ વિરતિ ધર્મનો કેટલેક અંશે અધિકારી બનેછે. જ્યાંસુધી સમ્યગ્ જ્ઞાન તથા બોધિ બીજ પ્રાપ્ત થયા નથી ત્યાંસુધી બીજા અનેક ઉપાય કર્યાં છતાં પણ અજ્ઞાનતાના આવરણો આડા આવ્યાજ કરવાના. તેથી સત્ય જ્ઞાનથી દુર રહેલા મનુષ્યને સત્યમાર્ગની સૂજ પડતી નથી. પ્રાણીઓની મનોવૃત્તિ આ મોહપ્રપંચમાં શા માટે રચીપચી રહે છે ? પોતે પ્રિયમાનેલા પદાર્થોને એ મનોવૃત્તિ શા માટે છોડી દેવા માગતી નથી ? વિચારી જોશો તો જણાશે કે મોહપ્રપંચના યથાર્થ સ્વરૂપને તે ઓલંખતી નથી માટેજ. તે કારણથી અનિત્ય સુખની અભિલાષામાં ઉછરેલી એ વૃત્તિને મનુષ્યોએ તત્વવિચારથી શાંત અને અંકુશિત બનાવવી જોઇએ.

શ્રાવકજી, તમારે મનન કરી એટલુંજ નિશ્ચય કરવાનું છે કે મોહથી મુકત થવું એજ સંસારી મનુષ્યોનું અચલ અને સુખકારક કર્त्तव्य છે. પ્રાણી પદાર્થ સાથે થતા સંયોગ વિયોગના પ્રસંગે જે હર્ષ શોકાદિ થાય છે, એ પણ મોહનીજ સત્તા છે. એ સત્તાને દુર્બલ બનાવવામાંજ સાચું સુખ રહેલું છે. જે પદાર્થ મોહરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહા સ્તંભને આધારે અચલ માનો છો તે પદાર્થ જલના તરંગની જેમ ક્ષણમાત્રમાં લય પામતો આપણા જોવામાં આવે છે. કોઈ આજ, કોઇ કાલ, એમ લય ભાવને પામ્યા વિના રહેવાનું નથી. જીવનની મર્યાદામાંથી એવા ચાલી જતાં સ્થુલ સૂક્ષ્મ પદાર્થો માટે જ્યારે કોઈનો ઉપાય ચાલતો નથી, ત્યારે તે વિષે શોક કરવો આદરણીય કેમ ગણાય. ?

ચિંતામણિ તમારો આ ભવે પુત્ર, પૂર્વ ભવે કોણ હતો તે તો જ્ઞાની મહારાજ જાણે. તથાપિ આપણા પરમોપકારી ભગવંતના વચનથી એટલું તો જાણીએ છીએ કે અનેકવાર પિતા, પુત્ર થાય છે પુત્ર, પિતા થાય છે. જે ચિંતામણિના અલ્પકાલના વિયોગથી તમે મહાદુઃખ પામોછો તે પછીના ચિરકાલના વિયોગથી કેટલું દુઃખ થશે એ અનુમાનથી જાણી લ્યો, તમારી આસ્તિક મનોવૃત્તિ ઉપરક્ષણવાર અનિત્ય ભાવનાની સ્થાપના કરી વિચારી જુવો. પ્રત્યક્ષ જણાયછે કે, આવિકરાળ કાલચક્રમાં કોઇ અનિત્યતાથી ઉગરતું નથી. શીતકાલની શીતતાને, ઉષ્ણ કાલની ઉષ્ણતાને અને શરદ્કાલની શરદીને કયાં સ્થિરતા છે ? તો જન્મ જન્માંતરને પ્રાપ્ત થતાં પ્રાણીઓના જીવનને સ્થિરતા કયાંથી હોય ? જેની સ્થિરતા નથી તેનો મોહ રાખવો એ મૂર્ખતાજ છે. આ સંસાર એ વેગથી દોડતો ઉંડો પ્રવાહ છે. તેને તરી ઉતરવાની સાવધાની નહીં રાખનાર પુરૂષ તેમાં તણાઇને ડુબે છે, તેથી જ્ઞાનમય ધર્મના અતુલ્ય બલે કરીને સાવધાન રહી તે તણાવા અને ડુબવાપણાથી બચવું, એજ જીવનની સાર્થકતા છે.

શ્રાવક રત્ન, તમારો ચિંતામણિ સંસારની કોઈ દુષ્ટ વાસનાથી ગયો હોય તો તમને વિશેષ ખેદ થવાનું કારણ થાત પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાંભલવા પ્રમાણે એ તરુણ શ્રાવક ચારિત્ર લેવાગયો હોય તો તમારા જેવા શ્રાવક રત્નને વધારે આનંદ માનવાનો છે. શેઠજી તમે અનેક બોધક ગ્રંથોના વ્યાખ્યાન સાંભળ્યાં હશે. પણ જો કોઇ આચાર્યના ગ્રંથનું શ્રવણ, મનન પૂર્વક કરેલું હતે, તો આ ચિંતામણિનો મહા મોહ તમને પરાભવ કરી શકતે નહીં. ઉપમિતિભવ પ્રપંચના પીઠ બંધમાં એક વિદ્વાન્ આચાર્યે કહેલું છે કે; "જ્ઞાન, દર્શન, ચારિત્રની ત્રિપુટી કે જે સર્વ ક્લેશ રાશિરૂપ મહા અજીર્ણનો નાશ કરનારી છે અને પરમશાંતિનું કારણ છે, તેના તરફ શ્રાવક પુત્રે અનાદરની દ્રષ્ટિએ જોવું નહીં." મહોપકારી મુનિઓ વદે છે કે, "જે પ્રાણીઓ તે રત્નત્રયી તરફ આદરવાળા હોય, જેઓ વિરૂદ્ધ કર્મોનો ત્યાગ કરતા હોય, અને જેઓ જ્ઞાનદર્શન અને દેશ વિરતિ ચારિત્રનો ઉપયોગ કરતા હોય, તેઓના વિકારોનું નિવારણ થાય તો બસ છે. આદર વગરના પ્રાણીઓના વિકારોનું નિવારણ કરવાની અમારે જરૂર નથી." માટે તમારા પુત્રનો વિયોગ ચારિત્ર માટે હોય તો તે તમારે પૂર્ણ રીતે આદરણીય છે.

શેઠજી, સક્ષેપમાં એટલુંજ કહેવાનું કે, જો ભાવિસુખવિષે જ્ઞાનપૂર્વક વિચાર કરવામાં આવે, જો સુખ દુઃખાદિ મનોવિકારને સમજી સમાન વૃતિ ધારણ કરવાનો અભ્યાસ અને નિશ્ચય કરવામાં આવે, જો આ અશાશ્વત–અનિત્ય જગતમાં ઉત્પન્ન થયેલાઓ શાશ્વત–નિત્ય નથી, એમ સમજી સંયોગસમયેજ વિયોગને માની લેવામાં આવે, અને જો ભોગ્ય અને ભોક્તા અખંડ નહી રહેવાની ખાત્રી હૃદયમાં કરવામાં આવે તો કોઈ મનુષ્ય સુખ દુઃખનું ભાજન થવા પામે નહી. પછી તેવા પુરૂષો સમચિત દશાને પ્રાપ્ત થઈ મુક્તિના મહામાર્ગને સરલ બનાવી શકે છે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા

(ગત અંક પૃષ્ટ ૨૨ થી શરૂ.)

ઉપરના ચારે પ્રશ્નો ઊપર વિવેચન કરતાં સૂરિશ્રીએ જણાવ્યું કે, શિષ્યો, આજના તમારા ચારે પ્રશ્નો ત્યાગી તેમ ગૃહસ્થને પોત પોતાના ઉચિત વ્યવહારમાં સ્મરણ રાખવા યોગ્ય છે. પ્રથમના પ્રશ્નોત્તરમાં કહ્યું કે, "આ જગતમાં સ્રીઓનું ચરિત્ર ગહન વસ્તુ છે." એ વાકયના પ્રત્યેક અક્ષર પ્રત્યેક જને સર્વદા મનોવૃત્તિમાં રાખવા યોગ્ય છે. સ્રીઓ કોમલ છતાં કઠોર કર્મ કરનારી, સુંદર છતાં અસુંદર કાર્યની યોજનારી, મધુર છતાં કટુતાને આપનારી, અધરામૃતધરનારી છતાં વિષવલ્લીના જેવી, શ્રંગારરૂપ છતાં કપટની ભૃંગાર થનારી, અને ભોગ્ય થઈ ભોકતાને ભરખનારી છે. તેના પ્રત્યેક ચરિત્રમાં નિર્દોષ પ્રાણીઓનો ઘાત, અકાર્યની યોજના, પ્રેમની નીંચતા, અસત્ય, ધિક્કાર, ગુણી જનની નિંદા, પાપ ઉપર પ્રીતિ, મર્યાદાનો ભંગ, કામ, ક્રોધ, નિર્દયતા, અપવિત્રતા, અનાચાર, અવિવેક, અનીતિ, કઠોરતા, દંભ, દુરાગ્રહ, લોભ, સ્વાર્થ, કુતર્ક અને ચિંતા વિગેરે દુર્ગુણો આવી વસેલાછે. એવું સ્રી ચરિત્ર અતિ ગહન છે. સ્રીઓના કપટ ભરેલા ચરિત્રમાં લિપ્ત થયેલા ચતુર પુરૂષો પણ પોતાના આત્માનો અધઃપાત કરાવે છે. તેના મલીન સંસર્ગથી ચારિત્રધારીઓનું ચારિત્ર ક્ષણવારમાં કલંકિત થઇ જાય છે. પૂર્વના કુકર્મથી કદિ સજ્જન પુરૂષ પણ જો તેના મલિન સહવાસમાં આવેતો તેની લજ્જાનો પ્રલય થઇ જાયછે. બ્રહ્મવ્રતનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભ્રંશ થઇ જાયછે. અને જ્ઞાન સંકોચ પામી જાયછે. એથી સ્ત્રીઓનું ચરિત્ર અતિગહન જાણી ગૃહસ્થ કે ત્યાગીએ તેનાથી સર્વદા દૂર રહેવું.

બીજા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, "જે પુરૂષ તેવા સ્ત્રીના ચરિત્રથી ખંડિત થતો નથી તેજ પુરૂષ ચતુર છે." આ મહા વાક્ય ખરેખર હૃદયમંદિરમાં સ્થાપિત કરવા યોગ્ય છે. જૈનશાસ્ત્ર પોકાર કરી કહેછે. કે, "જે સુંદર સ્ત્રીઓના વિલાસમય ચરિત્ર જોઈ અન્યમતના બ્રહ્માદિક દેવતાએ કે જેઓ જગતના મિથ્યાત્વ મંડલમાં ઈશ્વરપણાનો વૃથા દાવો ધરાવે છે, તેઓ પણ પોતાના આત્મસ્વરૂપને ભુલી ગયા છે, તેવા ચરિત્રથી જેમનું મન સર્વથા બાધિત થયું નથી, તેવા જૈન મુનિના નાથોને ધન્ય છે." બીજાપણ જે કોઇ તે મલિન ચરિત્રના મહામોહમાં મગ્ન થયા નથી તે ખરે-ખરા ચતુર છે વિદ્યાના ઊત્તમ અભ્યાસથી, સતત સ્વાધ્યાય ધ્યાન કરવાથી, નિરંતર જિનભક્તિમાં ઉજમાલ રહેવાથી અને સર્વદા ગુરૂ ભક્તિમાં તત્પર થવાથી જેટલુ ચાતુર્ય ગણાય છે, તેથી વિશેષ ચાતુર્ય સ્ત્રીઓના મલિન અને ગહન ચરિત્રથી અખંડિત રહેવામાં છે. તે અખંડિત રહેલા પુરૂષોજ ખરેખરા ચતુરશિરોમણિ છે.

ત્રીજા પ્રશ્નના ઊત્તરમાં કહ્યું કે, "સંતોષ રાખવો નહીં, એજ દારિદ્ર છે." એ ખરેખરૂં વાક્ય છે. કદિ લક્ષ્મીના વિલાસના સાધન મલ્યા હોય, દૈવી સંપત્તિના તરંગ ઊછલી રહ્યા હોય અને અનેક અભ્યુદયના કારણ સંપાદિત હોય પણ જો માણસને સંતોષ ન હોય તો તે બધુ વૃથા છે. સંતોષ વિના દારિદ્ર તેવું ને તેવું ઊપ-સ્થિત છે. સાહિત્યકારો સંતોષની પ્રશંસા કરે છે કે, સંતોષી સર્પો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પવનનું ભક્ષણ કરી પરમપુષ્ટિ સંપાદન કરે છે. વનના ગજેંદ્રો માત્ર શુષ્ક ઘાસ ખાઇ સંતોષથી બલવાન્ થાય છે. નિર્વાણ સાધક તાપસો નિરસ આહાર લઇ પોતાનો કાલ સુખેથી નિર્ગમન કરે છે. તેથી સિદ્ધ થાય છે કે સંતોષ એજ પુરૂષનો પરમ ભંડાર છે. એ મહા ભંડાર કુબેરના ભંડારથી ચડીઆતો છે. તેથી જ્યાં સુધી સંતોષ ન થાય ત્યાં સુધી તેનામાં સંપૂર્ણ દારિદ્ર છે, એમ સમજવું.

પ્રિય શિષ્યો, ચોથા પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે, "યાચના કરવાથી લઘુતા થાય છે." એ વાકય સર્વાંશે સત્ય છે. તે વિષે પૂર્વના પ્રશ્નોત્તરમાં વિવેચન થઇ ગયું છે, તેથી વિશેષ વિવેચન કરવું યોગ્ય નથી. તથાપિ એટલું તો કહેવું પડશે કે, ગૃહસ્થ કે સાધુએ કોઈપણ જાતની યાચના કરવી તે સર્વ રીતે અયોગ્ય છે. દરેક પ્રાણી સર્વ પદાર્થ ઊપર મમતા ધરી રાખે છે. તેવા મમતાવાળા માણસ પાસેથી કોઇ તેના અપેક્ષિત પદાર્થની યાચના કરવી, તે દાતાર મનુષ્યની વૃત્તિમાં તત્કાળ લઘુતા ઊત્પન્ન કરે છે. જ્યાં સુધી કોઈ જાતની અપેક્ષા દર્શાવાય નહીં, ત્યાં સુધી ગૌરવતા, પૂજ્યતા અને પરમ માન્યતા ટકી રહી છે. જ્યારે યાચના કરવામાં આવે એટલે તે યાચક તરફ તેની માન્ય દ્રષ્ટિમાં તત્કાળ વિકૃતિ ઉત્પન્ન થાય છે. તેથી, "યાચના કરવાથી લઘુતા થાય છે" એ મહાવાકય તમારે સર્વદા સ્મૃતિમાર્ગમાં રાખવાનું છે.

આ પ્રમાણે ચાર પ્રશ્નોત્તર ઊપર વિવેચન થઈ રહ્યા પછી સૂરિ શ્રીના પ્રશ્નોત્તર રૂપે નીચેની ગાથા તેમના સદ્ગુણી શિષ્યોએ ઘણાં આનંદ સાથે પોતાના ભક્તિ ભાવિત નિર્મલ હૃદયમાં ધારણ કરી લીધી.

---

પ્રથમ અંકમાં શ્લોક (૯) માં બીજેરૂપે તે પ્રશ્નોત્તર કહેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



किं गहनं स्त्रीचरितं कश्चतुरो यो न खंडितस्तेन ।
किं दारिद्र्यमसंतोष एव किं लाघवं याञ्चा ॥ १० ॥

શિષ્ય–ગહન વસ્તુ શું છે?

ગુરૂ–સ્ત્રીઓનું ચરિત્ર ગહન વસ્તુ છે.

શિષ્ય–ચતુર પુરૂષ કોણ?

ગુરૂ જે સ્ત્રીના ચરિત્રથી ખંડિત થતો નથી તે.

શિષ્ય–દારિદ્ર કોનું નામ?

ગુરૂ–સંતોષ રાખવો નહીં તે.

શિષ્ય–લઘુતા શાથી થાય છે?

ગુરૂ–યાચના કરવાથી.

---

# વ્યવહાર શુદ્ધિ.

( અનુસંધાન ગતાંક પાને ૭૦ થી )

રાજા–શું તમે નીતિપૂર્વકજ વેપાર કરો છો. કોઈનીપાસેથી ગેરવાજબી રીતે લાભ મેલવતા નથી તેમજ કોઇને ગેરવાજબી નુકશાન કરતા નથી. ?

શેઠ–હા કૃપાનાથ ! અમારાં પૂર્વજો નિરંતર પોતાની સંતતિને નીતિથી વર્त્તવું એવીજ શિખામણ આપતા વળી અમારા પૂજ્ય પિતાશ્રીએ કહેલું કે નીતિપૂર્વક દ્રવ્ય ઉપાર્જન કરવાથી વંશની તથા કીર્त्तિની વૃદ્ધિ થાય છે અને અમારા સાંભલવામાં પણ આવ્યું છે કે અન્યાય–અનીતિથી ઉપાર્જન કરેલું દ્રવ્ય વધા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેમાં વધારે કાલ સુધી ટકે તો દસ વર્ષ સુધી ટકે છે પરંતુ તેવું દ્રવ્ય સોળ વર્ષે તો સંપૂર્ણ નાશ પામે છે. એવા નીતિના વચનો ઉપર તથા અમારી ધર્મ ઉપર શ્રદ્ધા છે તેથી ધર્મશાસ્ત્રોના વચન ઉપર વિશ્વાસ હોવાથી અને જગતના વ્યવહારમાં પણ અનીતિથી દ્રવ્ય ઉપાર્જન કરનારાઓ પાયમાલ તથા નાદાર થતા જાય છે એવો અનુભવ થવાથી કોઇની પાસેથી ગેરવાજબી લાભ મેળવતા નથી તેમજ કોઇને ગેરવાજબી નુકશાન કરતા નથી.

**રાજા**—ત્યારે ક્રય, વિક્રયના પ્રસંગમાં કેવી રીતે વર્ત્તો છો ?

**શેઠ**—હાલતો અમે માલ લેવા, વેચવાનો વેપાર કરતાજ નથી. પરંતુ જ્યારે તેવો વેપાર કરતા ત્યારે માલ લેતી વખતે ગેરવાજબી રીતે માલ લેતાજ નહીં, તોલમાં કે માપમાં લેશ માત્ર દગો કરતાજ નહીં, તેમજ હિસાબ ચૂકવવામાં પણ ઠગાઈ કે વિશ્વાસઘાત કરતા નહીં; વલી માલ વેચતી વખતે નમુના પ્રમાણેજ માલ આપતા, તોલ, માપ કે ભરતરમાં કોઈપણ ખરીદનારને લેશ માત્ર નુકશાન કરતા નહીં. માલની કિંમતનો હિસાબ લેવામાં અયોગ્ય વર્ત્તન ચલાવતા નહોતા. અમે તથા અમારા પુત્રો શુદ્ધ વ્યવહાર પાળતા એટલુંજ નહીં પરંતુ મેહેતા વિગેરેને આજ્ઞા કરેલી કે જો કોઇપણ, આ પેઢીમાં ગેરવાજબી રીતે બીજાને નુકશાન કરી દ્રવ્યનો લાભ મેળવી આપશે તેને નોકરીથી બરતરફ્ કરવામાં આવશે. તેથી અમારી પેઢીના મેહેતાઓ પણ પેઢીમાં ગેરવાજબી રીતે લાભ અપાવી શેઠની અનીતિ યુક્ત પ્રીતિ સંપાદન કરવાને ટેવાયેલા નથી. અમારા પૂજ્ય પિતા નિરંતર અમને એવોજ બોધ આપતા કે હે પુત્રો! જેનું દ્રવ્ય ઊત્તમ છે, તેનું અન્ન ઊત્તમ છે; જે ઊત્તમ અન્નને ગ્રહણ કરે છે, તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરીર ઊત્તમ છે; જેનું શરીર ઊત્તમ છે તેનું મન ઊત્તમ છે; જેનું મન ઊત્તમ છે તે ઊત્તમ ધર્મને સંપાદન કરે છે અને જ્યારે ઊત્તમ ધર્મની પ્રાપ્તિ થાય છે ત્યારેજ આત્માની મુક્તિ થાય છે. એવા અમારા પૂજ્ય પિતાના ઊપદેશનું અમે નિરંતર મનન કરીએ છીએ અને લાલચોને પ્રસંગે ફસાતા નથી; એવી રીતે વર્તમાન કાલમાં અમારા વડીલોની આજ્ઞાનુસાર અમારો વહીવટ ચાલે છે.

એવી રીતના શેઠના ઊત્તમ વિચારો શ્રવણ કરતા રાજાનું અંતઃકરણ હર્ષથી ગદ્‌ગદિત થઇ ગયું. તત્કાલ પ્રધાનજીને કહ્યું—પ્રધાનજી જ્યાં સુધી આપણા રાજ્યમાં નીતિથી રાજ્ય કારભાર ચાલે છે તથા જ્યાં સુધી આવા ઊત્તમ વ્યાપારીઓ આપણા રાજ્યમાં વસે છે ત્યાં સુધી આ રાજ્યની તથા પ્રજાની નિરંતર આબાદીજ રેહેવાની એમ હું માનું છું.

પ્રધાનજીએ કહ્યું—મહારાજ! આપનું વચન અક્ષરશઃ સત્ય છે. અનંતર પ્રધાનની સૂચનાથી રાજાએ દ્રવ્યની પરિક્ષા કરવા સારૂ શેઠની પાસેથી એક રૂપીઓ લઇ પોતાના વિશ્વાસ પાત્ર હજુરી માણસને, શેઠનો રૂપીયો તેના ડાબા હાથમાં આપ્યો અને પોતાનો એક રૂપીઓ તેના જમણા હાથમાં આપ્યો. હજુરી માણસને આજ્ઞા કરી કે જમણા હાથવાળા રૂપીયાનું કોઈ સુપાત્રને દાન કરવું અને ડાબા હાથવાળા રૂપીયાનું કોઇ કુપાત્રને દાન કરવું અને પછી તે દાનનું શું પરિણામ થાય છે તેનો યથાસ્થિત તપાસ કરી સર્વ હકીકત અમારી રૂબરૂમાં નિવેદન કરવી.

હજુરી માણસ આજ્ઞાનુસાર કાર્ય કરવાને રાજ્ય મેહેલમાંથી વિદાય થયો. જેવો નગરના મુખ્ય દ્વાર પાસે આવે છે તેવો તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સન્મુખ આવતો એક યુવાન ભગવા વસ્ત્ર ધારણ કરેલો સન્યાસી દ્રષ્ટિએ પડયો. તેને જોતાંજ હજુરી માણસે વિચાર કર્યો કે આ યુવાન સન્યાસી ખરેખરો સુપાત્ર છે, તેથી તેવો વિચાર કરી તત્ક્ષણ તેની પાસે જઇ તેના હાથમાં, પોતાના જમણા હાથ (રાજા) નો રૂપીઓ આપ્યો. રૂપીયો મળતાંજ સન્યાસી બહુજ આનંદ પામ્યો. રૂપીઓ લઇ આગળ ચાલ્યો એટલે તેના મનમાં એવો વિચાર સ્ફુરાયમાન થયો કે આજે દુધપાક પ્રમુખનું અતિમાધૂર્ય રસમય ભોજન આરોગ્યું છે જેથી હું તૃપ્ત થઈ ગયો છું અને તે ઉપર આ રૂપીયો ઘણાં કાળથી નહી મળેલો એવો પ્રાપ્ત થયો તેથી આજનો દિવસ તો મારે અતિ ઉત્તમ ઉગ્યો. આ યુવાવસ્થામાં સન્યાસી થયો છું તેથી મનોજ્ઞ ભોજન તો વારંવાર પ્રાપ્ત થાય છે અને શરીર નિરોગી રહે છે પરંતુ જ્યારે જ્યારે મૈથુન વિકાર ઉદ્ભવે છે ત્યારે ત્યારે એ વિકારનું દુઃખ સહન થઇ શકતું નથી, તોપણ સત્સંગના પ્રસંગથી કામાગ્નિની ઉપશાંતિ થઈ જાય છે, આજે તો તીવ્ર કામોદય થયો છે અને ભૂખ્યાને ભોજન મળવાની જેમ અનાયાસે આ રુપીયો પણ પ્રાપ્ત થયો છે તેથી કોઇ સુંદર વારાંગનાને ત્યાં જઇ કામાગ્નિને શાંત કરૂં.

એવો વિચાર કરતો કરતો સન્યાસી ચાલ્યો જાય છે. તેની પૂંઠે કેટલેક દૂર રહી હજુરી માણસ પણ આવા સુપાત્ર દાનનું પરિણામ શું આવે છે તેનો તપાસ કરવા ચાલ્યો જાય છે. રસ્તામાં સન્યાસીનો મઠ આવ્યો, સન્યાસીએ તેમાં પ્રવેશ કર્યો નહીં. આગળ ચાલ્યો. કેટલેક દૂર જતાં બીજો મઠ આવ્યો તેમાં પણ સન્યાસી દાખલ થયો નહી; આડે માર્ગે વળી એક વેશ્યાનું ઘર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુપ્ત પ્રદેશમાં હતું. તેની નજીક જઈ ઉભો રહ્યો. વેશ્યાના ઘરમાં કોઇપણ મનુષ્યની રસ્તા ઉપરની ગેર હાજરીને પ્રસંગે દાખલ થઇ જવું. એમ વાટ જોતો હતો. તેવો પ્રસંગ મળતાં વેશ્યાના ઘરમાં દાખલ થયો. સન્યાસીની આ લીલા, પૂઠે આવતો હજુરી જોઇ રહ્યો. ગુપ્ત રીતે વેશ્યાના ઘરની નજીક સંતાઇ રહ્યો. થોડો એક કાળ વ્યતીત થતાં સન્યાસી વેશ્યાના ઘરમાં પોતાની વિષયમય વાસના તૃપ્ત કરી બહાર નિકળી મઠ તરફ વિદાય થયો. તત્કાલ હજુરી માણસ વેશ્યાના ઘરમાં દાખલ થયો. સન્યાસીના આવાગમન સંબંધી હકીકત પૂછતાં વેશ્યાએ રૂપીઆ લઈ વ્યભિચાર કર્યા સંબંધીની સર્વ હકીકત યથાસ્થિત નિવેદન કરી. જે સાંભળી હજુરી માણસ પોતાને ઘેર આવ્યો.

બીજે દિવસે પ્રાતઃકાળમાં ઉઠી રાજાની આજ્ઞાનુસાર ડાબા હાથમાં રાખેલા શેઠના રૂપીયાનું કુપાત્રને દાન કરવાસારૂ ચાલ્યો તેણે રસ્તામાં વિચાર કર્યો કે માંછી અને વાઘરી પ્રમુખ નીચજાતિના લોકો બહુજ દરિદ્રી હોય છે તેઓ હિંસાનાજ કાર્ય કરી મહા મેહેનતે પોતાનો નિર્વાહ કરે છે અને એવી હિંસક જાતિ કદિ દ્રવ્ય મેળવે છે તોપણ તેઓનાથી સારા કામતો થતાંજ નથી બલકે વિષને વધારીને ખાવા જેવા તેઓ કામ કરે છે તેઓ પાસે દ્રવ્ય પ્રાપ્ત થતાંજ દારૂપીવામાં કે વ્યભિચાર કરવામાં તે દ્રવ્યનો ઉપયોગ કરે છે. તેથી આ ( શેઠનો ) રૂપીયો કોઈ માંછી કે વાઘરી મળી જાયતો તેને આપું. એવો વિચાર કરતો ચાલ્યો જાય છે તેવામાં તત્કાળ એક માંછી જેણે પોતાની ખાંધ ઉપર જાળ નાંખેલી છે એવો તેની દ્રષ્ટિએ પડયો. ખરેખરો આ માંછી છે, માંછલાને પક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડવા સારૂ જાળ નાંખવા જાય છે એવી ખાત્રી કરી. કુપાત્ર જાણી તેના હાથમાં રૂપીયો આપ્યો. રૂપીયો હાથમાં પ્રાપ્ત થતાંજ માંછીના મનમાં સંકલ્પ થયો. આજે હવે જાળ નાંખવાની જરૂર નથી. કોઈ દિવસ નહીં મળેલો એવો રુપીયો આજે પ્રભાતમાં મળી જવાથી પ્રથમતો મારી ઓરતને આ વધામણીના સમાચાર આપુ. એવો વિચાર આવતાં તત્કાલ પાછો ફર્યો, પોતાની ઝુંપડીએ આવ્યો પોતાની ઓરતને બોલાવી રૂપીયો મળવાના સમાચાર કહ્યા તે પણ રૂપીયો મળવાથી અત્યંત હર્ષ પામી. માંછીની પૂંઠે આવેલો હજુરી માણસ તેની ઝુંપડીની પાછળ ઉભો રહી માંછી અને તેની ઓરત વચે થતી વાતચિત સાંભળવા લાગ્યો.

**માંછી**—કેમ હવે તારો વિચાર શું છે ? મારો વિચાર તો એવો છે કે આ રૂપીયામાંથી અડધા રૂપીઆની પાંચ માણા જુવાર લાવવી અને માંછીવાડમાંથી નિકથી કોળીવાડમાં જઇ આપણા જુના પાડોશીની સાથે રેહેવું. હવે આપણે માંછીનો ધંધો જીવ મારવાનો કરવો નથી. તું લાકડાના ભારા વેચવાની મજુરીનો ધંધો કરજે અને હું રેંકડી ખેચવાનો ધંધો કરીશ. મારો વિચાર તને ગમે છે ?

**માંછીની સ્ત્રી**—હા મને તમારો વિચાર બહુજ ગમ્યો. તમારો વિચાર એજ મારો વિચાર છે. આપણે આ માંછીના ધંધામાં કોઇ દિવસ સુખી થયાજ નથી. મહા મેહેનતે, બે ત્રણ આના રોજ કમાઇએ છીએ, પણ રૂપીયાનું તો મોઢુંજ દીઠું નથી. તેથી આજે કોઇ સારા માણસનો રૂપીઓ મળી ગયો તો હવે તમે કહો છો ત્યાંજ જઇ રહીએ અને તમે કહયો તેવોજ ધંધો કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનંતર માંછી અને તેની ઓરત કોળીવાડમાં જઈ રહ્યા, માંછીનો ધંધો પડતો મુકી મજુરીનો ધંધો કરવા માંડયો અને પ્રાપ્ત થયેલા મજુરીના દ્રવ્યથી સંતોષ પામી સુખ ભોગવવા લાગ્યા.

હજુરી માણસે આ સર્વ હકીકત મહારાજાધિરાજને અથથી તે ઈતિ સુધીની નિવેદન કરી. જે સાંભળી રાજા તથા પ્રધાન સાનંદાશ્ચર્ય પામ્યા. નીતિ માર્ગની પ્રશંસા કરવા લાગ્યા. અપૂર્ણ.

# તૃતીય જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સ.

ચાલતી સાલના કારતક વદી ૫-૬-૭ ના રોજ વડોદરા મુકામે અખિલ ભારતવર્ષના શ્વેતાંમ્બર જૈન સમુદાયની ત્રીજી કોન્ફરન્સની બેઠકો થઇ હતી. જેનો જાણવા યોગ્ય હેવાલ અમારા વાંચક વર્ગને ધ્યાનમાં લેવા સારૂ સંક્ષિપ્ત રૂપે આવતાં અંકમાં પ્રદર્શિત કરવામાં આવશે. કેટલાએક અજ્ઞ, અર્ધદગ્ધ લોકો (જૈનો) બીજી કોન્ફરન્સ મુંબઇ સ્થળે ભરાઇ ત્યારથી તે અત્યાર સુધી એવા ઉદ્ગારો કાઢે છે તથા કાઢયા કરે છે કે આવી રીતે કોન્ફરન્સ ભરાવાથી જૈનોના પૈસાના ધુમાડા થાય છે-પૈસા ઊપર પાણી ફરે છે વિગેરે વિગેરે-તેઓને નમ્રતા પુર્વક વિનાતિ કરીએ છીએ કે દૂર રહી ગોળા ગગડાવવાને બદલે તેઓએ પોતાની માનવંતી પધરામણી કોન્ફરન્સની બેઠકોને પ્રસંગે કરવા તસ્દી લેવી; અને જેઓ કોન્ફરન્સની બેઠકો વખતે હાજર હોવા છતાં "જૈનોના પૈસાના ધુમાડા થાય છે" વિગેરે મતલબના જે ઉદ્ગારો કાઢે છે. તેઓને માટે તો ફક્ત એટલુંજ કહી શકાશે કે તેઓ કઠણ અંતઃકરણના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માત્ર લક્ષ્મી દેવીનાજ ઉપાસકો છે. જૈનોની ઐક્યતા—સંપ—પરસ્પર પ્રેમ કેવી રીતે વધે તે બાબતના સાધનોની યોગ્યતા સંબંધી વિચારણાથી તેઓ રહિતછે. જૈન સાસનની ઉન્નતિની શરૂઆત કેવી રીતે થાય તે સંબંધી વિચાર શકિતની બાદબાકીવાળા છે. મુંબઈની કોન્ફરન્સને વખતે જૈન ધર્મીઓ નહીં એવા અન્ય પ્રતિષ્ઠિત ધનવાન, બુદ્ધિવાન, વિદ્વાન, અને સત્તાવાન મનુષ્યોની હાજરી બેઠકોમાં થઈ હતી અને તે વખતે જે જે જૈન ધર્મના અનુમોદનના શબ્દો વિવિધ મુખમાંથી નિકળતા હતા તેનો ધન્યવાદ કોને ઘટે છે? કોન્ફરન્સને, કોન્ફરન્સના સ્રષ્ટાને અને તેના સહાયકોને. એ આપણી કોન્ફરન્સની મહત્વતાને શ્રવણ કરી મુંબઇની હાઇ-કોર્ટના નામદાર ચીફ જસ્ટીસ જેન્કીન્સ સાહેબે કોન્ફરન્સની બેઠકમાં પોતાની ઉલટથી હાજરી આપવાની નોટ પણ લખી મોકલી હતી. અને તેઓ સાહેબને અમુક અડચણ ન આવી હોત તો તેઓ આપણી કોન્ફરન્સમાં પધારી, બિરાજી, કોન્ફરન્સની મહત્વતામાં વિશેષ વૃદ્ધિ કરત. તેથી પણ વિશેષ આ ત્રીજી વખતની કોન્ફરન્સમાં જૈન દર્શનની ઉન્નતિ—મહત્વતા સૂચક બનાવો બન્યા છે. સેના ખાસ ખેલ શમશેર બહાદુર શ્રીમંત સરકાર ગાયકવાડ શિયાજીરાવ મહારાજા સાહેબ તથા તેમના યુવરાજ શ્રીમંત ફત્તેસિંહરાવે આ કોન્ફરન્સની બેઠકોમાં પધારી તથા ભાષણો આપી જૈન શાસનની ઊન્નતિમાં—પ્રકાશમાં વિશેષ વૃદ્ધિ કરાવીછે અનુભવ વાંચવા ભણવાથી મળતોજ નથી. વડોદરા કોન્ફરન્સની ત્રીજી બેઠકને દિવસે હાનિ કારક રિવાજના વિષયના ભાષણની શરૂઆતથી તે શ્રીમંત યુવરાજ ફતેસિંરાવ મહારા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જના ભાષણની સંપૂર્ણતા થયા પછી કોન્ફરન્સની બેઠકની સમાપ્તિ થતાં સુધી અને ત્યારબાદ પણ તે વખતે હાજર રહેલા સર્વ મનુષ્યોના અંતઃકરણમાં આનંદના તથા જૈન દર્શનની અનુમોદનાના–ધન્યવાદના જે તરંગો ઉછળતા હતા તેનું યથાર્થ સ્વરૂપ પ્રદર્શિત કરવું તે મહાન શિઘ્રકવિની કસાયેલી કવિત્વ શક્તિથી પણ દૂર છે–અશકય છે. તે વખતે ભવ્ય આત્માઓ જિનેંદ્ર શાસનની ઉન્નતિ માટે **સંપ્રતિ મહારાજા અને કુમારપાળ** મહારાજાનું યશોગાન કરતા હતા. ધર્મના અગ્રેસરો રાજ્યાધિપતિ હોય તો ધર્મની કેવી ઊન્નતિ થાય તેનું કાંઈક દિગ્ દર્શન થતું હતું.

સારાંશ કે આવી રીતના કોન્ફરન્સના મેળાવડાથી જૈનોના પૈસાની ખરાબી થતી નથી, બલ્કે જૈન શાસનની ઊન્નતિ–જૈનોમાં સંપ–પરસ્પર પ્રેમ અને અન્ય મતિઓને જૈન ધર્મ તરફ અભિરૂચિ થાય છે.

આવતી કોન્ફરન્સ ક્યાં ભરાશે એ સંબંધી, જૈન ધર્મની ઉન્નતિ ઈચ્છક અનેક જૈનોના મન શંક. શીલ હતા પરંતુ જણાવવાને અતિ હર્ષ થાય છે કે શ્રી મન્ સૂરિ શ્રી **કમલવિજયજી મહારાજની** સમક્ષ અણહિલપુર પાટણના જૈન સમુદાયના અગ્રેસરોએ આવતી કોન્ફરન્સ પાટણ મુકામે ભરવાનું આમંત્રણ કર્યું છે. જે તે વખતે હાજર રહેલા આપણી કોન્ફરન્સના અગ્રેસર–પિતા. **મી૦ ઢઢ્ઢા સાહેબે** અત્યંત માન સહિત આદીશ્વર ભગવાનનો જય બોલાવવા સાથે સ્વિકારી લીધું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પાલીતાણામાં ઊદ્યાપન મહોત્સવ.

પ્રસિદ્ધ મુનિરત્ન શ્રી હંસવિજયજી મહારાજના ઉપદેશામૃતનો વરસાદ ગયા ચાતુર્માસમાં અસ્ખલિત પણે પડવાથી અનેક ધર્મના કાર્યો થયા છે. શ્રી જૈન શ્રેયસ્કરમંડળનું સ્થાપન, રોહીસાળા પાંજરાપોળનું ફંડ અને કાર્તિક માસમાં ઊદ્યાપનનો મહોત્સવ ઇત્યાદિ આ ઊજમણું બુરાનપુરવાળા શેઠ શિરચંદ ઠાકોરદાસની વિધવા બાઈ શિવકોરબાઈના તરફથી કરવામાં આવ્યું હતું. મંડપની રચના ગોધારીની ધર્મશાળામાં કરવામાં આવી હતી. કારતક સુદી ૧૦ ના રોજથી અઠ્ઠાઇ મહોત્શવ શરૂ કરવામાં અવ્યો હતો. દર-રોજ વિવિધ રાગ રાગણીયોમાં વાજિંત્ર સહિત પૂજાઓ ભણાવવામાં આવતી હતી. આ વખતે કારતકી પુનમના સંઘમેળાવડામાં પ્લેગની અડચણ નહી હોવાથી સુમારે પંદર હજાર યાત્રાળુઓ એકઠા થયા હતા જેથી રાત્રિને સમયે ભાવનામાં બહુજ ઠઠ જામતી હતી. જળયાત્રાના વરઘોડામાં ગોઘા બંદરેથી રૂપાનો રથ મંગાવવામાં આવ્યો હતો એવી રીતે જિનશાસનની પ્રભાવના દર્શાવનારો આ મહોત્સવ રંગે ચંગે ઉત્તમ રીતે પ્રવર્ત્યો છે.

કારતક વદી ૬ ના રોજ શ્રીમન્ મહારાજ ગણી શ્રી **સંપતવિજયજી** મહારાજે મુનિરાજ શ્રી સુંદરવિજયજીને આજ મંડપમાં ગણી પદવી આપી છે. તે વખતનો દેખાવ યાત્રાળુઓના મનને રંજન કરનારો થઈ પડયો હતો.

કારતકી પુનમ ઊપર આ વખતે યાત્રાળુઓ મોટી સંખ્યામાં એકઠા થએલા હોવાથી પાલીતાણામાં ધર્મશાળાઓ સંખ્યાબંધ હોવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં ગરીબ યાત્રાળુઓને અનહદ વિડંબના ભોગવવી પડી હતી. ધર્મશાળાઓની વ્યવસ્થા વર્તમાનમાં એટલી તો બગડી ગઇ છે કે તેનું વર્ણન કરતાં સંપૂર્ણ ખેદ થાય છે. પરંતુ આ વખતે કપડવંજવાળા શ્રાવક **શેઠ બાલાભાઇ દલસુખભાઇને** ખરેખરો ધન્યવાદ ઘટે છે. તેઓએ શ્રી હંસવિજયજી મહારાજના વ્યાખ્યાનને અવસરે પરિશ્રમ લઈ ગરીબ યાત્રાળુઓને ઉતરવા સારૂ મકાનો ભાડે રાખવા સંબંધી ફંડ કર્યું હતું. જેથી સંખ્યાબંધ યાત્રાળુઓ આ વખતે આવા ભાડે રાખેલા મકાનોમાં આશ્રય પામ્યા હતા. આ બાબત ધર્મશાળાના મેનેજરોએ પોતાની તરફથી રાખેલા ધર્મશાળા સાચવનારા મુનીમોને પોતાની કીર્તિ વિશેષ કેવી રીતે વધે અને અપ કીર્ત્તિ તથા અપ યશ કેવી રીતે ઘટે તે સંબંધી સૂચના કરવાની છે.

## બીજા વર્ગના માનવંતા વિશેષ લાઇફ મેમ્બરો.

| | | |
|---|---|---|
| ૫૦) | શા. ઉજમશી પરશોતમ | રાણપુર. |
| ૫૦) | પારેખ. છોગમલજી | નાગપુર. |

## ત્રીજા વર્ગના માનવંતા લાઇફ મેમ્બરો.

| | | |
|---|---|---|
| ૨૫) | શા. છોટાલાલ લેહેરચંદ | મુંબઇ. |
| ૨૫) | શા. કોરશી કેશવજી | સીયાગંજ. |
| ૨૫) | દોશી શંકરલાલ વીરચંદ | કપડવંજ. |
| ૨૫) | કોઠારી જમનાદાસ રામદાસ | વડોદરા. |

For Private And Personal Use Only